## <u>ફોજદારી કેસ નંબર –          /૨૦૨૪</u>

### <u>–::આંક–૧ નીચે હુકમ::–</u>

### <u>આરોપ :– ગુજરાત પોલીસ એકટની કલમ ૧૦૨ તથા ૧૧૭ મુજબ</u>

(૧) આ કામના આરોપી સામે ફરીયાદ પક્ષનો કેસ એવો છે કે, આરોપી સામે ધોળકા પો.સ્ટે.માં **<u>ગુજરાત પોલીસ એકટની કલમ ૧૦૨ તથા ૧૧૭ મુજબ નો</u>** ગુનો નોંધાવતા,આરોપી વિરુધ્ધ ગુન્હો નોંધી તપાસના અંતે પુરતો પુરાવો મળા આવતા આ કામે એન.સી રજુ કરવામાં આવે છે.
(૨) આરોપી આજ રોજ તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામા આવેલી છે અને આરોપી ની પ્લી નોંધવામાં આવેલ છે. અને આરોપી ગુનો કબુલાત કરવા માંગતા હોવાની ગુન્હા કબૂલાત પુરશીશ આપી તેની સામેનો ગુન્હો કબૂલ કરવા રજુઆત કરેલ છે.કબુલાત પુરસીસ વંચાણે લેતા, તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતા, આરોપીઓ ગરીબ વર્ગનો માણસ જણાય છે. તેમજ કુટુંબમાં માત્ર એક જ કમાનાર સભ્ય છે. બાળ બચ્ચાવાળા ઈસ્મ હોવાનુ જણાઈ આવે છે. અને ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાતરી આપે છે. તેમજ તેનો પ્રથમ ગુનો હોવાનું જણાય છે. અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન– મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે.તે સંજોગોમાં તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચિત માનુ છું. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેનાં વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ. તેમ હું નમ્ર પણે માનુ છુ.અને સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયનાં હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

### <u>–::હુકમ::–</u>

(૧) આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૨ મુજબ **<u>ગુજરાત પોલીસ એકટની કલમ ૧૦૨ તથા ૧૧૭ મુજબ</u>** ના ગુના માટે આરોપીને **રૂ. ૫૦/–(અંકે રૂપિયા પચાસ પુરા)** ભરવાનો સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તે બદલ દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ નેશનલ લોક અદાલત સ્પેશીયલ સીટીંગમાં વાંચી જાહેર કર્યો.

મુ. ધોળકા

તા. ૨૨/૦૬/૨૦૨૪

(પી. એન. લાખાણી)

જયુડી.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ધોળકા

**જજ કોડ–GJ01565**